# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-11-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મતદારયાદી સઘન સુધારણા:

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ભુજ મામલતદાર કચેરી શહેર તથા ગ્રામ્ય ખાતે બે દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે હેઠળ આજે પ્રથમ દિવસે બહોળી સંખ્યામાં મતદારોએ કેમ્પનો લાભ લીધો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લામા 14 સ્થળોએ યોજાયેલા કેમ્પમાં મતદારોને ગણતરી ફોર્મ ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા સહિતની કામગીરી કરવામાં આવી હતી

ઉલ્લેખનીય છે કે આવતીકાલે સવારે 10 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મતદારો ગણતરી ફોર્મ ભરીને કેમ્પ ખાતે જમા કરાવી શકશે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છમાં સ્કોલરશીપ પરીક્ષા:

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની પી.એસ.ઈ. અને એસ.એસ.ઈ. પરીક્ષા કચ્છના ૨૮ કેન્દ્રો ખાતે યોજાઇ હતી.જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે એસ.એસ.ઈ. પરીક્ષામાં 1 હજાર 728 વિદ્યાર્થીઓમાં 1 હજાર 377 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જ્યારે પીએસઇમાં 4 હજાર 388 વિદ્યાર્થીઓમાંથી 4 હજાર 92 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## વણકર માટે કાર્યક્રમ:

ભારત સરકાર વસ્ત્ર મંત્રાલયના રાષ્ટ્રીય હથકરઘા વિકાસ નિગમ મારફતે અને DC હેન્ડલૂમ કાર્યાલયના સહયોગથી ભુજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં એનએચડીસીના નિર્દેશક રાજીવ અશોક મુખ્ય અતિથિ તરીકે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કચ્છના શાલ સ્ટોલને જીઆઇ યુઝર્સ બનાવા વણાટ કરતા વણકરોને જાણ કરવામાં આવી સાથે સાથે કારીગરોને સબસિડીનો લાભ લેવા પણ જણાવાયું હતું. કાર્યક્રમમાં કચ્છના વિવિધ ગામોમાંથી 200 જેટલા વણકરો જોડાયા હતા. કાર્યક્રમમાં રાજીવ અશોકે કચ્છના વણકરોના પ્રશ્નો સાંભળ્યા અને નિરાકરણ બાબતે ચર્ચા કરી હતી.

---

## અબડાસામાં ઘાસચારો ઉગાડાશે:

રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી સામુદાયિક-ધોરણે સંચાલિત લીલો ઘાસચારો ઉગાડવા માટેની એક નવી પહેલનું અબડાસા તાલુકાના આરીખાણા ગામે પ્રારંભ કરાયો છે. 4.5 હેકટર જેટલી જમીન પર શરૂ કરાયેલી આ પહેલ થકી 1100 પશુઓને ફાયદો થવાની અપેક્ષા છે. રિલાયન્સ ફાઉન્ડેશને આઇસીએઆર-સેન્ટ્રલ એરિડ ઝોન રિસર્ચ  ઇન્સ્ટીટયૂટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાથે મળીને લાંબાગાળાનો ઉકેલ લાવવા વિવિધ સમુદાયો સાથે ભાગીદારી સાધી છે.. આ પહેલની શરૂઆત નવેમ્બરના નેપિયર ઘાસના 20,000 રોપાના વાવેતરથી કરાઇ હતી. આ કામગીરી સુપેર થાય તે માટે  `ઘાસચારા સમિતિ'ની રચના પણ કરવામાં આવી છે.

---

## માંડવી નગર પાલિકા બેઠક:

માંડવી નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલ ઠક્કરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં વિવિધ વોર્ડના વિકાસ કાર્યો અને પ્રાથમિક સુવિધાઓને બહાલી આપવામાં આવી હતી.

૧૫મા નાણાપંચ અને સ્વર્ણિમ જયંતી યોજના હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ લાઈટ અને નવા સિમેન્ટ કોન્ક્રીટ રસ્તાઓના કામો મંજૂર કરાયા હતા.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત, ડમ્પિંગ સ્ટેશન પર કચરાના પ્રોસેસિંગ પ્લાન્ટના સિવિલ વર્કને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, પીવાના પાણીની લાઈનો પાથરવા અને ડીસીલ્ટીંગ મશીન ખરીદવાની મંજૂરી અપાઇ હતી. આ ઉપરાંત અગ્નિશામક વાહન, જેટીંગ મશીન, રોડ લાઇટ રિપેરીંગ, હાઇડ્રોલીક વાહન ખરીદવાની પણ બેઠમાં મંજૂરી અપાઇ હતી.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તથા સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ કેન્દ્ર પરથી 'મન કી બાત' ને આવરી લેતું કચ્છી બુલેટિન પ્રસારીત કરાશે.

---

## હવામાન:

કચ્છમાં આજે આખો દિવસ ધૂંધળું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણમાં ધુંધવાશ વચ્ચે લઘુતમ પારો 1.5 ડિગ્રી ઉચકાયો હોવા છતાં ટાઢક યથાવત રહી હતી. નલિયામાં આજે લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી નોંધાયું છે. પારો ઊંચકાવવા છતાં નલિયાએ રાજ્યના શીતમથકોમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું. જિલ્લામથક ભુજમાં પણ એક ડિગ્રીના વધારા સાથે તાપમાન 17 ડિગ્રીએ પહોંચ્યું હતું.

આજે દિવસ દરમિયાન સૂર્યના દર્શન દૂર્લભ બન્યા હતા જેના કારણે ઠંડકનો માહોલ આખો દિવસ જળવાયેલો રહ્યો હતો.

---

## ગાંધીધામ 2000 કચેરીપેટીનું વિતરણ:

સિન્ધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન દ્વારા ગાંધીધામને સ્વચ્છ બનાવવાના પ્રકલ્પ અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકા સાથે મળીને કુલ ૨,૦૦૦ કચરાપેટીનું વિતરણ ગઇકાલથી શરૂ કરવામાં આવ્યું છે. એસ.આર.સી.ના ચેરમેન સેવક લખવાણીના જણાવ્યા પ્રમાણે, આદિપુર પોલીસ સ્ટેશન, શાળાઓ, કોલેજો, મંદિરો સહિત વિવિધ સ્થળોએ કચરાપેટીઓનું વિતરણ કરાયું હતું.

---